**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# મેડીકલ કોલેજમાં સ્ટાફની હડતાલ

## પડતર પ્રશ્નો મુદ્દે જીએમઈઆરએસ નર્સિંગ સ્ટાફની હડતાલ : દર્દીઓ રઝળ્યા : કોવીડ ઓપીડી સહિત અનેક વોર્ડ નર્સિંગ સ્ટાફ વિના ખાલીખમ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફે પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. પગાર અને ભથ્થા સહિતના પડતર પ્રશ્ન મુદ્દે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા સરકાર તરફથી હકારાત્મક વલણ નહી અપનાવતા ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફના કર્મચારીઓએ હડલાત પાડતા સિવિલમાં સન્નાટો છવાઈ ગયો હતો. મેડીકલ કોલેજ ખાતે સવારે એકઠા થઈને પ્લેકાર્ડ અને સુત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જયારે એકસાથે ડોકટર્સ અને સ્ટાફ હડતાલ પર ઉતરી જઈને કામગીરીથી અળગા રહેતા દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. જયારે સિવિલના મોટાભાગના વોર્ડ સ્ટાફ વિના સુમસામ લાગી રહ્યા હતા ત્યારે કાયમી સ્ટાફે દર્દીઓને તકલીફ ના પડે તે રીતે કામગીરી સંભાળી લીધી હતી.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે ગાંધીનગરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરચક છે ત્યારે ગાંધીનગર સિવિલમાં ૮૦ થી વધુ ડોકટર અને ૩૫૦ જેટલા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ હડતાલ પાડતા હોહા મચી જવા પામી હતી. સિવિલ તંત્ર દ્વારા દર્દીઓને સારવાર મળી રહે તે માટે ખાસ આયોજન કરાયા હતા. તેમ છતા આટલી મોટી સંખ્યામાં સ્ટાફના કર્મચારીઓ હડતાલ પર ઉતરતા આરોગ્યલક્ષી સેવાઓ ખોરવાઈ ગઈ હતી. સામાન્ય દિવસોમાં એક વોર્ડમાં બે થી ત્રણ નર્સ ફરજ બજાવે છે. જયારે આજે વોર્ડ દીઠ માત્ર એક નર્સ ફરજ બજાવતા જોવા મળ્યા હતા. જેને પગલે દર્દીઓમાં બુમ ઉઠવા પામી હતી. જયારે હોસ્પિટલમાં સ્ટાફના અભાવે ચાલી રહેલા રસીકરણ અભિયાનને પણ બંધ કરી દેવાયું હતું. જયારે મેડીકલ કોલેજ પાસે મોડીસાંજ સુધી પડતર પ્રશ્નો મુદ્દે નિરાકરણ ન આવતા સ્ટાફના કર્મચારીઓ હડતાલ પર બેઠા હતા.






## વાવોલના સ્મશાનમાં અગ્નિદાહ માટે બે નવી સગડીનું દાન

ગાંધીનગર, તા. ૧૨

ભારતીય સંસ્કૃતિમાં કોઈ પણ વ્યક્તિની નનામીને કાંધ આપવી કે અંતિમક્રિયામાં મદદરૂપ થવું તેને પુણ્યનું કાર્ય ગણવામાં આવ્યું છે. આ કારણથી જ કદાચ આપણાં સમાજમાં ગામેગામ સ્મશાનનું નવીનીકરણ કરવાનું હોય કે તેમાં કોઈ સુવિધાની જરૂર હોય, તેના માટે દાતાઓ હંમેશા ખુલ્લા દિલે દાન આપતા મળી આવે છે. તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવી લેવાયેલા વાવોલ ગામનું સ્મશાન લાંબા સમયથી વપરાશ વગર અવાવરું સ્થિતિમાં હતું જેને તાજેતરમાં ગામના અગ્રણી પ્રેમલસિંહ ગોલ દ્વારા સાફસફાઈ કરીને લાકડાની વ્યવસ્થા સાથે પુનઃ કાર્યાન્વિત કરવા સાથે પોતાના વતન પ્રત્યેનું ઋણ ચુકવવા પ્રયાસ કરાયો છે. આ દરમ્યાન તેમને જાણમાં આવ્યું કે મૃતદેહને અગ્નિદાહ આપવા માટેની સગડી બિસ્માર હાલતમાં છે તેથી તુરંત જ પ્રેમલસિંહે જાતે હાજર રહી વાવોલના સ્મશાનમાં વધુ બે નવી સગડી નખાવી હતી જેથી કોરોના કટોકટીના આ સમયમાં જે રીતે સ્મશાનોમાં અંતિમક્રિયા માટે લાઈનો લાગતી જોવા મળે છે તે સ્થિતિમાં ઉપયોગી નીવડી શકે અને ગ્રામજનોને છેક સે.૩૦ના મુક્તિધામ કે સરગાસણના રુદ્રભૂમિ સ્મશાન સુધી લાંબા ના થવું પડે. ગ્રામજનો દ્વારા તેમના યોગદાનની પ્રસંશા કરવામાં આવી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આ ડોકટરોની વાતમાં પોઝીટીવ રહેવા જેવું છે... જો અત્યારે ના રહ્યા, અને પછી પોઝીટીવ આવ્યા તો પછી નેગેટીવ થવાનાં ચાન્સ ઓછા રહેશે...!!

## સરગાસણ ગામે આધુનિક કોવિડ આઈસોલેશન સેન્ટર કાર્યરત થયું

ગાંધીનગર, તા.૧૨

કોરોના મહામારીનો વ્યાપક ફેલાવો સરગાસણ ગામે થયો છે ત્યારે સમસ્ત સરગાસણ ગામના આગેવાનોની વેરાઈમાતાના મંદિરે બેઠક યોજાઈ હતી. જેમાં ગામના લોકો દ્વારા ફકત કોવિડના વિષયને લઈને સર્વાનુમતે ગ્રામ સમિતિની વરણી કરવામાં આવી હતી. આ સમિતિમાં પ્રમુખ તરીકે પૂર્વ સરપંચ કમલેશભાઈ જોશી, ઉપપ્રમુખ તરીકે પરબતસિંહ વાઘેલા, મંત્રી તરીકે ફુલાજી ઠાકોર, ખજાનચી તરીકે અભેસિંહ રાઠોડ ઉપરાંત ગામના પ્રતિષ્ઠિત આગેવાનો ડેરીના ચેરમેન દશરજી કાપડીયા, પૃથ્વીસિંહ વાઘેલા, મહોબતસિંહ વાઘેલા, શાંતિલાલ ગઢવી, મહોતજી ઠાકોર, અમરસીંગ વાઘેલા, નટવરસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, દિનેશભાઈ દેસાઈ, દશરથસિંહ વાઘેલા, નાગરભાઈ પ્રજાપતિ તથા પ્રહલાદજી ઠાકોર સહિત સમસ્ત ગ્રામજનો દ્વારા કોવિડ સેન્ટર ઉભું કરવાનો નિર્ણય થયો અને ખુબ જ સારી સગવડો સાથેનું કોવિડ સેન્ટર તા. ૭-૫-૨૦૨૧ના રોજ પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, સ્વાગત ગ્રુપના ચેરમેન તરુણભાઈ વર્મા તથા શ્યામવેદ ગ્રીનવેલીના જીજ્ઞેશભાઈ પટેલ સહિત ગામના મુખ્ય આગેવાનોની હાજરીમાં ખુલ્લ મુકવામાં આવ્યું છે. કોવિડ સેન્ટરમાં ઓકિસજન સહિતની સગવડો ઉપલબ્ધ છે. પ્રાઈવટે ડોકટર તથા નર્સાનો ખર્ચ પણ ગ્રામજનો ઉઠાવી રહ્યા છે જે માટે ગ્રામજનોને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

## શહેરના યુવા અગ્રણી જનક ઠક્કરનું કોવિડ સામેની લડતમાં સેવાકીય યોગદાન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના યુવા અગ્રણી અને અભિનેતા જનક ઠક્કર દ્વારા કોરોના મહામારી સામેની લડતમાં અનેકવિધ સેવાઓમાં યોગદાન આપવામાં આવી રહ્યું છે. જેમાં માસ્ક, પીપીઈ કીટ, હેન્ડ ગ્લોવ્ઝ, સેનેટાઈઝર જેવી કોરોનાથી બચવા ઉપયોગી એવી ચીજવસ્તુઓના નિઃશુલ્ક વિતરણ વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે રવિવારે જનક ઠક્કરે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઉપસ્થિત રહી આ સામગ્રીના વિતરણ સાથે છાશ અને મીનરલ પાણીની બોટલનું વિતરણ પણ કર્યુ હતુ. આ સાથે તેમણે સિવિલ કેમ્પસમાં દર્દીને દાખલ કરાવવા લાઈનમાં ઉભી રહેલી ૧૦૮ એમ્બ્યુલન્સોની



મુલાકાત લઈને દર્દીઓ તથા તેમના સગાઓ સાથે વાતચીત કરીને તેમના સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી હતી અને તેમને હિંમત સાથે સધિયારો આપવા ઉપરાંત જરૂરી માર્ગદર્શન પણ પુરૂ પાડ્યું હતું. સોમવારે જનક ઠક્કર તથા તેમની ટીમ દ્વારા સેક્ટર-૧૭ ખાતે ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન માટે લાઈનમાં ઉભેલા લાભાર્થીઓ તેમજ શહેરની શાશ્વત અને હાઈટેક હોસ્પિટલ્સ ખાતે હાજર દર્દીઓ તથા સગાઓને પણ આ કીટ વિતરણની સેવા આપવામાં આવી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'મનોવૈજ્ઞાનિક સલાહ કેન્દ્ર' નો પ્રારંભ : જનસામાન્ય માટે ઉપયોગી

ગાંધીનગર, તા.૧૨

કોરોના અત્યારે આખા દેશને અને સમાજને ભયંકર રીતે પીડી રહ્યો છે ત્યારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કુલસચિવશ્રીની પ્રેરણાથી તારીખ ૦૬/૦૫/૨૦૨૧ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વિના મૂલ્યે 'મનોવૈજ્ઞાનિક સલાહ કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું છે; જેની ઉપલબ્ધ સેવાઓમાં 'બાલમિત્ર' : ત્રણથી બાર વર્ષનાં બાળકોને લગતી મૂંઝવણોના નિરાકરણમાં સહાયક, 'પરિવારમિત્ર': પારિવારિક સમસ્યાના સમાધાન માટે મનોવૈજ્ઞાનિક મદદ તેમજ 'માનસમિત્ર' : જનસામાન્યને સ્પર્શતી માનસિક સમસ્યાના સમાધાનમાં મદદરૂપ બનશે. આ ઉમદા પ્રકલ્પમાં મનોવિજ્ઞાન વિભાગના અનુભવી અને ઘડાયેલા અધ્યાપકો કાર્યરત છે. ગુજરાત કે દેશના કોઈ પણ ખૂણેથી આ કામ માટે ખાસ ફાળવેલા મોબાઈલ નંબર ૯૯૭૮૪૦૭૭૩૫ ઉપર આબાલવૃદ્ધ - કોઈ પણ વ્યક્તિ સલાહ મેળવી શકશે. અઠવાડિયાના પ્રત્યેક દિવસે આ કેન્દ્રની સેવા સાંજે ૪:૦૦ થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. આ મહામારીની વચ્ચે પ્રજાનું મનોબળ તૂટી રહ્યું છે. ખરેખર તો મન એ જ પ્રતિરોધક શક્તિ (Immunity Power)નું કેન્દ્ર છે. માટે મન જો સંકલ્પિત હોય, મજબૂત હોય તો કોરોનાનો સામનો કરવો સરળ બને. એ સમજણ સાથે આ પ્રકલ્પ જનસામાન્ય માટે અત્યંત ઉપયોગી બની રહેશે.

## ખૂણેખાંચરેથી

● દહેગામના પૂર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણનું દુઃખદ અવસાન થયું છે. વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના તેઓના પિતાજીના અવસાનથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલે દહેગામ તાલુકામાં આરોગ્ય સેવાના સઘનીકરણ માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અમરસિંહનું કોરોનાને કારણે દુઃખદ અવસાન થયું છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૨૬૦૦ લોકોને કોરોના વેકિસનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ડ્રાઈવ થ્રૃ વેકિસનેશનમાં ૧૩૫ લભાર્થીઓએ લાભ લીધો હતો.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૦૮૮ લોકોને વેકિસનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● કોવિડ-૧૯ની જિલ્લામાં સ્થિતિ અને વેકિસનેશનની કામગીરી અંગેની સમીક્ષા આજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી જયંતિ રવિએ વિડીયો કોન્ફરન્સથી કરી હતી.

● મહાત્મા મંદિર ખાતે આકાર પામી રહેલ ૯૦૦ બેડની હોસ્પિટલ માટે ૩૧ ટન ઓકિસજનને ટેન્ક ફીટ કરવામાં આવશે.

● આજે રાજય મંત્રી મંડળની બેઠક બાદ એક સાથે ત્રણ ત્રણ મંત્રીઓ બ્રિફીંગ માટે આવ્યા હતા.

● નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલ હોમ આઈસોલેશનમાં હોવાથી કેબિનેટની બેઠકથી દૂર રહ્યા હતા. જયારે જવાહર ચાવડા સ્વસ્થ થઈ કેબિનેટ બેઠકમાં હાજર રહ્યા હતા.

# કોરોના કટોકટીમાં ૧૦૮ એમ્બ્યુલન્સના કોરોના વોરિયર્સની અદ્‌ભૂત ફરજનિષ્ઠા..!!

## ગાંધીનગરની ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઈએમટી તરીકે કાર્યરત બલવંત દરજી અને પાયલોટ તરીકે ફરજ બજાવતા રાજભાની સમર્પણ ભાવનાને સો સો સલામ

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

**ગાંધીનગરમાં માર્ચ-એપ્રિલ બે માસ કોરોના સંક્રમણની બીજી લહેરમાં અત્યંત ઘાતક બની રહ્યા હતા. આ સમયે સર્જાયેલી પરિસ્થિતિ અત્યંત ડરામણી અને ચિંતાજનક હતી. જેમાં હોસ્પિટલો હાઉસફુલ હતી, દર્દીઓને બેડ મળતા નહોતા, ઓકિસજન રેમડેસિવીર-ટોસીલીઝુમેબની તીવ્ર તંગી સર્જાઈ હતી. સ્મશાનોમાં ૨૪ કલાક ચિતાઓની હારમાળા જોવા મળતી હતી અને કોઈ વ્યકિત બિમાર પડે તો અત્યાર સુધી ઘડીકમાં હાજર થઈ જવા માટે જાણીતી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ પાંચ-છ કલાકથી માંડીને ૧૫-૨૦ કલાકે માંડ આવી રહેતી હતી. આ ભયાનક સ્થિતિમાં નાગરિકોનો ભરોસો ૧૦૮ ઈમર્જન્સી સર્વિસ પરથી પણ ડગી જમા પામ્યો હતો અને સોશિયલ મિડીયા પર તેના વિશે પણ ભાત ભાતની વાતો વહેતી થઈ રહી હતી. જો કે આ સમયમાં પણ ગાંધીનગરની ૧૦૮ ઈમર્જન્સી ટીમના કોરોના વોરિયર્સે અત્યંત વિષમ પરિથિતિમાં પણ પોતાની ફરજ બજાવવામાં પાછી પાની કરી નહોતી અને તે પૈકી કેટલાંક કર્મીઓએ તો પોતાના પરિવારના સારા નરસા પ્રસંગોને એક બાજુ રાખીને પોતાની ફરજને જ પ્રાધાન્ય આપ્યું હતું એટલું જ નહી કયારેક ફરજની મર્યાદાની બહાર જઈને પણ દર્દીઓનો જીવ બચાવવા પોતાનાથી શકય હોય તેટલું યોગદાન આપ્યું હતું.**

### ● રસ્તા પર વૃધ્ધાને ઓકિસજન આપનાર બળવંતે એક માસના દિકરાને હજુ તેડયો નથી

ગાંધીનગરની ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઈએમટી તરીકે કાર્યરત બલવંત દરજી જયારે તા. ૨૧મી માર્ચના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પટિલ ખાતે કોવિડ પેશન્ટને દાખલ કરાવીને પોતાની એમ્બ્યુલન્સ સેનેટાઈઝેશન માટે લઈ જઈ રહ્યા હતા ત્યારે સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં એક વૃધ્ધાની તબિયત લથડવાથી તેની પાસે હાંફળા ફાંફળા થયેલા તેમના સગાઓને જોઈને પોતાની એમ્બ્યુલન્સ થોભાવડાવી શું થયું તેની પૃચ્છા કરી હતી ત્યારે વૃધ્ધાને લઈને આવેલા સંબંધીએ જણાવ્યું કે વૃધ્ધાનું નામ સૂરજબેન માનસિંગભાઈ વાયોરા છે. જેઓ ૮૦ વર્ષના છે અને અરવલ્લી જિલ્લાના વડાગામના વતની છે. આ વૃધ્ધાને કોરોના થયો હતો અને ઓકિસજન ઘટી જતા અમદાવાદ સારવાર માટે લઈ ગયા હતા પરંતુ કયાંય બેડ ના મળતાં છેવટે કોઈકની સલાહથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈને આવ્યા પરંતુ અહીં પણ ખૂબ લાઈન છે અને બેડ મળે તેવું લાગતું નથી. આ સ્થિતિમાં બળવંત દરજીએ તુરંત જ જાતે નિર્ણય લઈને માનવતાને પ્રાધાન્ય આપતાં પોતાની એમ્બ્યુલન્સમાંથી ઓકિસજન બોટલ સાથેનું યુનિટ લાવી સિવિલ કેમ્પસમાંજ સૂરજબેનને ઓકિસજન આપવાનું શરૂ કરી દીધું હતું તેમના બે ત્રણ કલાકના પ્રયાસો બાદ સૂરજબેન સ્વસ્થ થઈ ગયા હતા ત્યારબાદ તેમને ત્યાં જ એક બોટલ ચઢાવી તદ્દન જોખમ મુકત કરી દેવાતા તેઓ સૌ આર્શીવાદ આપતા ઘરે પરત ફર્યા હતા.





અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ સમય દરમિયાન દેવડા રહેતા બળવંતભાઈના પત્નિ પારૂલબેન ગર્ભવતી હતા અને તા. ૮મી એપ્રિલે તેમની ઓપરેશન કરીને ડિલીવરી કરવી પડી હતી જેમાં તેમણે દિકરાને જન્મ આપ્યો હતો જો કે બળવંતભાઈ આ દિવસે તો પત્નિ સાથે હાજર રહ્યા પરંતુ વધુ એક પણ દિવસની રજા લીધા વગર જ તા. ૯મી એપ્રિલે ફરી ફરજ પર હાજર થઈ ગયા હતા અને તેમણે તે દિવસથી આ સુધી હજુ પોતાના દિકરાને સલામતી ખાતર એક પણ વાર તેડયો નથી કે એક પણ રજા લીધી નથી. ખરેખર ધન્ય છે તેમની ફરજનિષ્ઠાને...!!

### ● માતાનું અચાનક દેહાંત થઈ ગયું છતાં પાયલોટ 'રાજભા' બીજા દિવસે હાજર થઈ ગયા

ગાંધીનગરના સેકટર-૧૪માં રહેતા રાજેન્દ્રસિંહ હેમંતસિંહ સોઢા ઉર્ફે રાજભા ૧૦૮ એમ્બ્યુલન્સમાં પાયલોટ તરીકે ફરજ બજાવે છે. જયારે કોરોના સંક્રમણનો ભયાનક કાળ ચાલી રહ્યો હતો ત્યારે તેમના માતૃશ્રી વસંતબા જેઓ ૬૮ વર્ષના છે તેમની તબિયત લથડી હતી અને કોરોનાના લક્ષણો જણાયા હતા. આથી પોતાની જ એમ્બ્યુલન્સમાં ત્યારબાદ જયારે વસંતબાને સીટીસ્કેન માટે ઉંચકીને મશીન પર સુવડાવવામાં આવ્યા ત્યારે તેઓ ડરી ગયા હતા. આ ડરના કારણે અચાનક તેમની તબિયત લથડતાં સીટી સ્કેનના મશીન પર જ તેમણે દેહત્યાગ કરી દેતા રાજભાના માથે જાણે





રાજભા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જગ્યા ના હોવાથી અને લાંબુ વેઈટીંગ હોવાથી તા. ૩૦મી એપ્રિલે ચાંદખેડા એસએમએસ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. વસંતબાને સવારે ૯ વાગે હોસ્પિટલ લઈ જવાયા ત્યારે તેઓ સ્વસ્થ જણાતા હતા અને ડોકટરે કેટલાંક રિપોર્ટ તથા સીટીસ્કેન કરવાનું જણાવ્યું હતું તેથી તેમના રિપોર્ટ કરાવ્યો. વિજળી તુટી પડી હતી. જો કે સમયનો તકાજો સમજી તેમણે પોતાની જાતને સંભાળી હતી અને તેજ દિવસે માતાની અંતેષ્ઠિ પતાવ્યા બાદ તેઓ એક પણ વધુ રજા લીધા વિના બીજા દિવસથી જ ફરજ પર હાજર થઈ ગયા હતા. રાજભાનું કર્તવ્ય પરાયણ અને સમર્પણ ભાવના માટે તેમને સો-સો સલામ કરીએ તો પણ ઓછી પડે તેમ છે.

## જન્મદિને વધામણી



પી એચ ગોહિલ
એડવોકેટ, એક્ઝી. કમિટી મેમ્બર, શિવરંજની સંસ્થા



અખિલેશ તિવારી
મો. ૯૯૨૫૯ ૧૦૨૪૮



અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



નિશાબેન રાજેશભાઈ ચૌહાણ
મો. ૯૯૦૯૨ ૯૪૬૪૬



પ્રાર્થી
કમલેશભાઈ પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



ડો. કવિન ભટ્ટ
હોમીયોપથી, રેડક્રોસ
ગાંધીગનર



સુખડીયા જિમિત
કોશિકભાઈ
મો. ૮૩૪૭૫ ૯૯૦૫૧



દિપ્તી જોશી
લાયન્સ કલબ ઓફ
ફેમીના, ગાંધીનગર